## –: ઠ રા વ :–

**૧.** આરોપીને આજરોજ કોર્ટમાં હાજર થતા તેની સામે ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે. જે કબુલાત પુરસીસ આંક– થી રજુ છે. આરોપીને તેની સામેનાં ગુનાની સજાની જોગવાઈ અને દંડની સમજ કરેલ તેમ છતાં આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છાએ કબુલ કરે છે અને જણાવે છે કે, તેઓ ગરીબ અને બાલબચ્ચાવાળા માણસ છે. કુટંબની સઘળી જવાબદારી તેમના શીરે છે. જો તેઓને વધુ સજા કરવામાં આવે તો તેમના પરિવારનાં જીવન નિર્વાહની ભયંકર સમસ્યા ઉભી થાય છે. તેઓ એક માત્ર પરિવારની આજીવીકા કમાનાર છે ભવિષ્યમાં આવો ગુનો નહી કરે તેની ખાત્રી આપે છે. તેથી રહેમ બતાવી નામદાર કોર્ટને યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

**૨.** આરોપીની ઉકત કબુલાત જોતાં તેઓ અત્યંત ગરીબવર્ગનાં ઈસમ છે. તેઓનાં પરીવારમાં તેઓ એકમાત્ર કમાનાર સભ્ય છે તેઓ વિના તેમનાં પરીવારની આજીવીકાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. તેમજ તેમના પરીવારનાં ભરણપોષણ અને નિર્વાહની સમસ્યા બની રહે તેમ છે. હાલનાં કેસમાં આરોપી અત્યંત ગરીબ વર્ગના છે અને તેઓનાં પરીવારની સઘળી જવાબદારી તેઓનાં શીરે છે.

**૩.** આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ નથી . આરોપી અત્યંત ગરીબ વર્ગનાં માણસ છે તેઓનાં પરીવારની સઘળી જવાબદારી તેઓનાં શીરે છે. સદરહું આરોપીની રજુઆત લક્ષમાં લઈ તથા ઉકત સઘળા સંજોગો અને પરિસ્થિતીઓ ધ્યાને લઈ તથા નામદાર ગજરાત હાઈકોર્ટનો ૨૦૦૫(૧) જી.એલ.આર ૭૦૯ સ્ટેટ ઓફ

ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્રજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

આરોપીઃ–રામધીરજ રામઆધારનાઓને રેલ્વે અધિનિયમ–૧૯૮૯ની કલમ–૧૬૦, ૧૭૪ (સી) મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા. ૧,૦૦૦/– + રૂા. ૧,૦૦૦/– કુલ રૂા.૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ સબંધે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલની ખરાઈ કરી ત.ક.અ.શ્રીએ મુદ્દામાલ મુળ માલિકને પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૦/૦૭/૨૦૨૧ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૦/૦૭/૨૦૨૧.

(બી.આર.રાજપુત)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૫, અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૮૨૬.